| Innovation ID | DTP0010000000001 | Sr No : 1 |
| --- | --- | --- |

**Innovation Title**
લીંબુ (Citrus limon)ની નવી જાત

**Category**
પાક ઉત્પાદન

**Notebook Number**
Lok(૫)૬, Dec.,–૨૦૦૦, pg No. –૫

**Brief**
રાજાભાઈ ઘુસાભાઈ હરખાણીએ સામાન્ય કરતા વધારે ઝૂમખામાં થતા નવીન પ્રકારના લીંબુ (Citrus limon) ની જાત નવ વર્ષ પહેલા શોધી કાઢી.

**Detail**
નવેક વર્ષ પહેલાં રાજાભાઈને વિચાર આવ્યો કે મગફળી, કપાસ કે ફળઝાડ જેમકે, દાડમ, ચીકુ, જામફળ તેમજ કેળાને પશુઓ નુકસાન કરે છે. પરંતુ લીંબુ એવો પાક છે કે જેને પશુઓ તેમજ પક્ષીઓ નુકસાન કરતા નથી. રસોડાથી માંડીને દુકાનમાં બધી જગ્યાએ જરૂર પડે છે. આ પાકમાં ક્યારેય મંદી આવતી નથી. આથી તેમણે ૧૯૯૨–૯૩ માં લીંબુ (Citrus limon) ની વાડી કરવાનું વિચાર્યું. તે સમયે તેમની પાસે લીંબુની કલમ ખરીદવાના પૈસા ન હોવાથી જુનાગઢની શાક માર્કેટમાં જઈ, ત્યાં ખરાબ થઈ ગયેલા ૨૦ કિલો લીંબુ ખરીદ્યા. બધા જ લીંબુના બીજ કાઢી તેને રાખનો પટ આપ્યો. તેનાથી બીજ ઉપરથી ભેજ દૂર થઈ ગયો. આ બધા જ બીજને એક સીધા ક્યારા માં રોપી દીધા. અમુક બીજ ખરાબ હોવાને કારણે ૬૦ થી ૭૦ ટકા જેટલા જ બીજ ઉગ્યા. રાજાભાઈ આ ક્યારાની મુલાકાત રોજબરોજ લેતા હતા. તેઓ રોજ લીંબુના છોડને જોવા જતા તથા જરૂરી પાણી આપતા તેમજ નીંદણ કરતા એક દિવસ ક્યારાની માવજત કરતા હતા ત્યારે એક અલગ પ્રકારના લીંબુના છોડ પર તેમની નજર પડી. આ છોડ તેમજ તેના પાન અન્ય છોડ કરતાં મોટા હતા તથા તેની ડાળીઓ ઉપર બીલકુલ કાંટા ન હતા. જ્યારે બીજા બધા જ લીંબુના છોડ ઘેરા લીલા રંગના હતા. જેથી તેમને લાગ્યું કે આ છોડની અંદર કંઈક નવીનતા છે બીજા બધા લીંબુના છોડ અલગ કરી આ અનોખા પ્રકારના છોડની અલગ વાવણી કરવાનુ વિચાર્યુ. તેમણે એક ફૂટનો ખાડો ખોદી ખાડાની અંદર છાણિયું ખાતર નાખી આ અલગ છોડને માટી સાથે ઉપાડીને વાવણી કરી. તે છોડની પાંચ વર્ષ સુધી માવજત કરી જ્યારે તેના ફળ આવ્યા ત્યારે ઝૂમખામાં ૭ થી ૮ લીંબુ લાગ્યા હતા આથી તેમને ઘણુ અચરજ થયું કંઈક સારુ પરિણામ આવશે તે આશાએ તેઓ છોડની વધારે સારી રીતે માવજત કરવા લાગ્યા. પહેલા વર્ષે પાંચ કિલો લીંબુ ઉતર્યા જેના ૧ કિલોગ્રામનાં ૨૦ રૂપિયા આવ્યા.
સૌથી અચરજની વાત એ હતી કે તેની અંદર બીજ બીલકુલ ન હતા. આથી વધારે ઉત્પાદન મેળવવા માટે તેમણે લીંબુના ઝાડ ઉપર કલમ કરવાનું વિચાર્યુ. ૧૯૯૮ ના વર્ષમાં તેમણે ૨૦ ગુંટી કલમો બનાવી. આ ૨૦ કલમોની વાવણી કરી પ્રયોગ સફળ થયા બાદ બીજી ૧૦૦ કલમ બનાવી તેની વાડીમાં વાવણી કરી હાલમાં તેમની વાડીમાં ૧૦૦ ઝાડ આ લીંબુના છે.

આ પદ્ધતિનો વિચાર ઉત્તરદાતાના જણાવ્યા મુજબ આ પદ્ધતિ સ્વયં વિકસાવેલ છે.
આ પદ્ધતિની કોઈ આડઅસર નથી.

અન્ય ઉપયોગ કર્તા ખેડૂતો:
સમજુભાઈ ઘુસાભાઈ હરખાણી
લખમણભાઈ ઘુસાભાઈ હરખાણી
ગાંડુભાઈ કલ્યાણભાઈ ત્રાડા
છગનભાઈ કલ્યાણભાઈ ત્રાડા
ઉપરોક્ત બધા જ ખેડૂતો લીંબુના ઝાડ વિશે જાણે છે અન અપનાવે છે.

(નોંધ:– આ પદ્ધતિનું પીઆઈસી તા. ૧૫–૮–૨૦૦૬માં મહેન્દ્રભાઈ. વાઘેલાએ કરેલ છે.)

**Method of Use**

**Caution**
આ લીંબુ (Citrus limon) ની કલમ ને પૂરતા પ્રમાણમાં પાણી ન મળે તો લીંબુના ફળ ફાટી જાય છે. અને છોડ સૂકાઈ જવાની સંભાવના રહે છે.

**Benefit**
કાંટા વગરની લીંબુડી (Citrus limon) ના ફાયદા નીચે મુજબ છે.
તેમાં કાંટા બીલકુલ હોતા નથી. પાન મોટા હોય છે. ફળની અંદર એક પણ બીજ હોતું નથી. લીંબુ ૭ થી ૮ ની સંખ્યામાં ઝૂમખામાં બેસે છે. લીંબુ મોટા તેમજ બધા એક જ સરખા આવે છે અને રસ વધારે હોય છે. તેની છાલ પાતળી હોય છે. તેનું ડીંટ મજબૂત હોવાથી જલદીથી તૂટી જતુ નથી. ઉત્પાદન વહેલું આવે છે અને બારેમાસ મળે છે. કાંટા ન હોવાથી તેને તોડવામાં સરળતા રહે છે. આથી લીંબુ ઉતારવાનો ખર્ચા ઓછો થાય છે. તે બજારમાં જલદી વેચાઈ જાય છે અને સામાન્ય ભાવ કરતા ૨૦ ટકા ભાવ વધારે આવે છે. તેમજ લીંબુ જલદી બગડતા નથી.

ફાયદા –
– ફળમાં એક પણ બીજ હોતું નથી.
– લીંબુ બધા જ એક સરખા અને રસ વધારે હોય છે.
– કાંટા ન હોવાથી તેને તોડવામાં સરળતા રહે છે.

**Condition**

**Material Used**

**IPR Status**

**Keywords**
લીંબુ, નવી જાત, કલમ, (Citrus limon)

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP००१०००००००००१ | Member Type | Innovator | | |
| First Name | રાજાભાઈ | Middle Name | ઘુસાભાઈ | Last Name | હરખાણી |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મું. માંડવા | Taluka | ભેંસાણ | | |
| District | Junagadh | State | Gujarat | Country | India |

Biography

ખેડૂતનો પરિચય:
આ ખેડૂતની ઉંમર ૫૮ વર્ષની છે. તેઓ અક્ષરજ્ઞાન ધરાવે છે. આ ખેડૂતને બે છોકરા અને ત્રણ છોકરીઓ પણ છે. તેમનો મુખ્ય ધંધો ખેતી છે. તેઓ ખેતીમાં વધારે રસ ધરાવે છે. તે ઉપરાંત લીંબુની અને આંબાની કલમો બનાવી તે તેમનો શોખ છે.
સ્વ. પિતાજી ઘુસાભાઈ પટેલ આ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.
- પત્ની રંભાબહેન રાજાભાઈ પટેલ ખેતીકામમાં મદદ કરાવે છે.

ગામનો પરિચય:
માંડવા ગામ જૂનાગઢ જિલ્લામાં આવેલું છે. ભેંસાણ તાલુકાથી આશરે ૧૦થી ૧૫ કિ.મી દૂર આવેલું છે. કુલ ૧૩૦૦૯ની વસ્તી ધરાવતા આ ગામમાં શિક્ષણનું પ્રમાણ ૮૦ ટકા જેટલું છે. પ્રાથમિક સુવિધામાં પ્રાથમિક શાળા, પંચાયતઘર, ટેલીફોન, સહકારી મંડળી, દૂધ મંડળી છે.
અહીંની જમીન ગોરાડું અને કાંકરાળ છે.
પાકોમાં કપાસ, બાજરી, મગફળી, લીંબું જેવા પાકો થાય છે. પિયતની સુવિધામાં બોર અને કૂવાની વ્યવસ્થા છે.
- આંબા, લીમડા, બાવળ જેવા ઝાડ આ વિસ્તારમાં જોવા મળે છે.
- આ ગામમાં પટેલ, ઠાકોર, રબારીની વસ્તી રહે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP००१००००००१०७१ | Member Type | Scout | | |
| First Name | રસિકલાલ | Middle Name | ગોવિંદભાઈ | Last Name | ભેસાણીયા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | શોભાવડલા (લશ્કર) | Taluka | વિસાવદર | | |
| District | JUNAGADH | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP००१००००००६२०२ | Member Type | Verifier | | |
| First Name | મહેન્દ્ર | Middle Name | બી. | Last Name | વાઘેલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ઉધરોઝપુરા | Taluka | માંડલ | | |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002846 | Sr No : 2 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | સારી ગુણવત્તા ધરાવતા ફળવાળા લીંબુની નવી જાત |
| Category | પાક ઉત્પાદન |
| Notebook Number | lok(૫)૬, NOV-DEC-૨૦૦૦, Pg. No.૫ |
| Brief | સારી ગુણવત્તા તથા વધુ ઉત્પાદન આપતી લીબું(Citrus limon)ની નવી જાત વિકસાવવા ગુંટી કલમ કરવી |
| Detail | લીંબુ(Citrus limon)ની એવી જાત કે જે એક સાથે એક બે કે ત્રણ નહિ, પરંતુ છથી આઠના ઝુમખામાં ફળ બેસે. એથી ય વધુ નવાઈ પમાડે તેવી વાત એ છે કે આવી સુંદર જાતને કાંટા નથી અને ફળમાં બીજ પણ નથી. આવી જાત જૂનાગઢ પાસેના ભેંસાણા તાલુકાના માંડવા (સોરઠ) ગામના શ્રી રાજાભાઈ ઘુસાભાઈ હરખાણી (પટેલ)એ વિકસાવી છે.<br><br>આ જાતની શોધ વિશે રાજાભાઈએ જણાવ્યું કે, ૧૯૮૫ના વર્ષમાં લીંબુના છોડવાઓ તૈયાર કરવા બજારમાંથી મોટા અને પરિપકવ લીંબુ લાવી બીજ કાઢી ધરુ ઉછેર કર્યો. છોડની ફેર રોપણી સમયે મેં જોયું કે તેમાંથી એક છોડને પાન મોટા હતાં અને કાંટા ન હતા. આ છોડનો મેં કાળજીપૂર્વક ઉછેર કર્યો. પાંચ વરસે તેની ઉપર ફળ આવ્યા ત્યારે અપેક્ષા મુજબ, ઝુમખામાં ફળ આવ્યા. ફળ સામાન્ય લીંબુ કરતાં કદમાં મોટું અને છાલ સહેજ ખરબચડી હતી. ફળ પાક્યા ત્યારે અંદર બીજ ન હતાં. મારો ઉત્સાહ વધ્યો ત્યારબાદ ચોમાસાની મોસમમાં ગુંટી કલમ દ્વારા વધુ છોડ પેદા કરી ધીરે ધીરે આજે ૧૦૦ ઝાડ લીંબુના છે. સરેરાશ છથી આઠ વર્ષની ઉંમરના આ ઝાડ ઉપરથી ઝાડ દીઠ ૫૦ કિલો ઉત્પાદન મળે છે. એક ફળનું સરેરાશ વજન ૮૦ ગ્રામ છે. એક ફાલ પૂરો થયા પછી સેન્દ્રિય ખાતરો અને પાણી આપવાથી પુનઃ બીજો ફાલ બેસે છે. ઝાડ ઉપર ફળ બેસે છે ત્યારે ડાળીઓને ટેકા આપવા પડે છે. અત્યારે હું મારી વાડીમાં કલમો બનાવી વેચાણ કરું છું.<br>મારી પાસે ૧૦ એકર જમીન છે. જેમાં ૬૦૦ આંબા કેસર જાતના છે. બિન રાસાયણિક ખેતી કરું છું. તેથી કેરીની મીઠાશ તથા ગુણવત્તા ઉત્તમ રહી છે.<br><br>(નોંધ - આ પદ્ધતિનું પી.આઈ.સી. મહેન્દ્રભાઈ વાઘેલાએ તા. ૧૫-૮-૦૬ના રોજ કરેલ છે.) |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | |
| IPR Status | |
| Keywords | ગુંટી, કલમ, લીંબુ, Citrus limon, નવીજાત, જૂનાગઢ, ઉત્પાદન |

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૦૦૦૧ Member Type Innovator

First Name રાજાભાઇ Middle Name ઘુસાભાઇ Last Name હરખાણી

Profession ખેતી,પશુપાલન Designation ખેડૂત,પશુપાલક

Address 1

Village મું. માંડવા Taluka ભેંસાણ

District Junagadh State Gujarat Country India

Biography

ખેડૂતનો પરિચય:
આ ખેડૂતની ઉંમર ૫૮ વર્ષની છે. તેઓ અક્ષરજ્ઞાન ધરાવે છે. આ ખેડૂતને બે છોકરા અને ત્રણ છોકરીઓ પણ છે. તેમનો મુખ્ય ધંધો ખેતી છે. તેઓ ખેતીમાં વધારે રસ ધરાવે છે. તે ઉપરાંત લીંબુની અને આંબાની કલમો બનાવી તે તેમનો શોખ છે.
સ્વ. પિતાજી ઘુસાભાઈ પટેલ આ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.
- પત્ની રંભાબહેન રાજાભાઈ પટેલ ખેતીકામમાં મદદ કરાવે છે.

ગામનો પરિચય:
માંડવા ગામ જૂનાગઢ જિલ્લામાં આવેલું છે. ભેંસાણ તાલુકાથી આશરે ૧૦થી ૧૫ કિ.મી દૂર આવેલું છે. કુલ ૧૩૦૦૯ની વસ્તી ધરાવતા આ ગામમાં શિક્ષણનું પ્રમાણ ૮૦ ટકા જેટલું છે. પ્રાથમિક સુવિધામાં પ્રાથમિક શાળા, પંચાયતઘર, ટેલીફોન, સહકારી મંડળી, દૂધ મંડળી છે.
અહીંની જમીન ગોરાડું અને કાંકરાળ છે.
પાકોમાં કપાસ, બાજરી, મગફળી, લીંબું જેવા પાકો થાય છે. પિયતની સુવિધામાં બોર અને કૂવાની વ્યવસ્થા છે.
- આંબા, લીમડા, બાવળ જેવા ઝાડ આ વિસ્તારમાં જોવા મળે છે.
- આ ગામમાં પટેલ, ઠાકોર, રબારીની વસ્તી રહે છે.

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૦૦૫૮ Member Type Other

First Name રમેશભાઈ Middle Name સી Last Name પટેલ

Profession Designation

Address 1

Village તલોદ, મુખીશેરી Taluka તલોદ

District Sabarkantha State Gujarat Country India

Biography

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૧૦૭૧ Member Type Scout

First Name રસિકલાલ Middle Name ગોવિંદભાઈ Last Name ભેસાણીયા

Profession Designation

Address 1

Village શોભાવડલા (લશ્કર) Taluka વિસાવદર

District JUNAGADH State Gujarat Country India

Biography

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૦૨ Member Type Verifier

First Name મહેન્દ્ર Middle Name બી. Last Name વાઘેલા

Profession Designation

Address 1

Village મું. ઉધરોઝપુરા Taluka માંડલ

District Ahmadabad State Gujarat Country India

Biography